# વાર્ષિક માસવાર આયોજન

## ધોરણ - ૪

## ગણિત (પ્રથમ સત્ર)





આવા દરેક ધોરણના વિષયવાર આયોજન
શિક્ષણ સાગર એપ્લીકેશનમાં ઉપલબ્ધ છે.

**જુન / જુલાઇ માસનું પાઠ આયોજન**
**ધોરણ : 4 વિષય : ગણિત**

**પાઠનું નામ:**
૧ ઈટોની ઈમારત

**અધ્યયન નિષ્પતિ :**
– ઈટો, ટાઈલ્સ – લાદી (ગોઠવણ) માટે ઉપયોગ કરી શકાય તેવા આકારોને શોધે છે.
– સપ્રમાણતા (સિમેટ્રી) પર આધારિત ભૌમિતિક પેટર્ન (ભાત) નું નિરીક્ષણ ઓળખ કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**
– જાગૃતિ શાળા માટે ઇંટની પેટર્નના નમૂનાની વાત
– મુરસીદ – કુલીખાનનો જુનો મકબરોના ચિત્રોનું અવલોકન
– ભોયતળિયાની પેટર્નના ચિત્રોનું અવલોકન
– ઇંટ કેવી રીતે દોરવી.
– દિવાલોની વિવિધ પેટર્ન
– વિવિધ ઇમારતોના ચિત્રોનું નિદર્શન
– ઈંટો બનાવતી ભઠ્ઠીની મુલાકાત – અવલોકન, ઈંટનું માપ, નાની – મોટી ઈંટ, ઈંટ બનાવવાની રીત
– ઈંટોની ભઠ્ઠીઓ
– ઈંટોની ખરીદ કિંમત

**શૈક્ષણિક સાધન :**
– ચિત્રો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**
વિદ્યાર્થીઓને જાગૃતિ શળા માટે ઇંટની પેટર્નના નમૂનાની વાત કરી મુરસીદ – કુલીખાનનો જૂનો મકબરોના ચિત્રોનું વિદ્યાર્થીઓ પાસે અવલોકન કરાવીશ. ઈંટોની સુંદર પેટર્ન બતાવીશ. ભોય – તળિયાની પેટર્નના ચિત્રોનું અવલોકન કરવા જણાવીશ. વર્તુળાકાર, ચોરસ, પેટર્ન કઇ બનાવેલી છે તે બતાવવા જણાવીશ. ઇંટ કેવી રીતે દોરવી તેની સમજ આપીશ. દિવાલોની વિવિધ પેટર્ન ચિત્રોનું અવલોકન કરાવીશ. તફાવત શોધાવીશ. વિવિધ ઇમારતોના ચિત્રોમાં ઈંટોની પેટર્નમાં ઈંટોની ધારનો ત્રિકોણ, કમાન જેવા ચિત્રો બતાવીશ. ચર્ચા કરીશ. ઈંટો બનાવતી ભઠ્ઠીની મુલાકાત કરી અવલોકન કરાવીશ. ઈંટનું માપ, નાની – મોટી ઈંટનું અવલોકન કરાવીશ. ઈટ બનાવવાની રીતનું અવલોકન કરાવીશ. વિદ્યાર્થીઓને ઈંટોની ભઠ્ઠીઓની સંખ્યા વિશે જણાવી ઈંટોની ખરીદ કિંમત વિશે જણાવીશ. કિંમતની મૌખિક ગણતરી કરતાં શીખવીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ**
પ્રોજેક્ટ : ઈંટોની ભઠ્ઠીની મુલાકાત તથા ઇંટો બનાવવા કારીગરો સાથે પ્રશ્નોત્તરી
પ્રવૃત્તિ : ઇંટ દોરવી દિવાલમાં ઈંટોને લાલ રંગકરી પેટર્ન બનાવો.

**મૂલ્યાંકન**
– મૌખિક પ્રશ્નો પૂછી બાળકોનું મૂલ્યાકંન કરીશ.

**જુન / જુલાઇ માસનું પાઠ આયોજન**
**ધોરણ : 4 વિષય : ગણિત**

**પાઠનું નામ:**
૨. લાંબુ અને ટુકું

**અધ્યયન નિષ્પતિ :**
– વસ્તુ (ઓબ્જેક્ટ) ની લંબાઇ બે સ્થળો વચ્ચેના અંતર વગેરેનો અંદાજ બાંધે અને વાસ્તવિક માપ લઇ તેની ખાતરી કરે છે.
– ચાર મૂળભૂત અંકગણિત ક્રિયાઓ સામેલ હોય તેવી લંબાઇ, અંતર સાથે સબંધિત દૈનિક જીવન પરિસ્થિતિઓમાં સામે આવતી સમસ્યા ઉકેલે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

– બિંદુઓ એક બીજાથી કેટલા અંતરે આવેલા છે.

– રેખાની સરખામણી

– વિદ્યાર્થીઓની ઉંચાઇનું માપન

– કુટુંબમાં સભ્યોની ઉંચાઇ

– દોડ (રેસ) ના આપેલ ચિત્રનું અવલોકન

– મેરેથોન દોડ

– ભારત તથા વિશ્વના લાંબી તથા ઉંચી કૂદના વિક્રમો વિશે ચર્ચા તથા પ્રશ્નોત્તરી

– દોડવાની કસરત વિશે

– 'કુતુબમિનાર' ની ઉંચાઇ

– એક સ્થળ થી બીજા સ્થળનું અંતરનું માપન

– તમારું ઘર શાળાથી કેટલું દૂર છે તેની માહિતીનું એકત્રીકરણ

– "હું ઇચ્છું હું હોત " ગીતનું ગાન

– શોધવા પ્રયત્ન કરો.

– પ્રશ્નોની ચર્ચા

**શૈક્ષણિક સાધન :**

– માપપટ્ટી

– અન્ય વાર્તા

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓ પાસે બે બિંદુઓ વચ્ચેના અંતરનું અનુમાન કરવા જણાવીશ. હવે માપપટ્ટીથી માપવા જણાવીશ. જવાબ ચકાસવા જણાવીશ. અકબર – બિરબલની વાર્તાનું કથન કરીશ. તેના દ્વારા રેખાની સરખામણી બતાવીશ. વિદ્યાર્થીઓની ઉંચાઇનું માપન વ્યક્તિગત કરીશ. ગતવર્ષની ઉંચાઇની સરખામણી કરીશ. કુટુંબમાં સૌથી ઉંચું અને નીચું વ્યક્તિ વિશે જાણી લાવવા જણાવીશ. બંન્નેની ઉંચાઇનો તફાવત શોધાવીશ. અંતર શાળા રમતોત્સવમાં દોડ (રેસ)ના આપેલ ચિત્રનું અવલોકન કરાવીશ. તેના આધારે પ્રશ્નોત્તી કરીશ. મેરેથોન દોડ વિશે માહીતી આપીશ. ભારત તથા વિશવના લાંબી તથા ઉંચી કૂદ ના વિક્રમોની માહિતી આીશ. તેના આધારે પ્રશ્નોત્તરી કરીશ. દોડવાની કસરતની માહિતીના આધારે ચર્ચા – પ્રશ્નોત્તરી કરીશ. આપેલ પાઠ્ય પુસ્તકમાં 'કુતુબમિનાર' ના ચિતરનું અવલોકન કરવા જણાવીશ. તેના આધારે વર્ગખંડની ઉંચાઇનો તફાવત શોધાવીશ. આપેલ ચિત્રના આધારે ગાંધીનગર થી હિંમતનગર વચ્ચેના અંતરની માહિતી આપીશ. તમારું ઘર શાળાથી કેટલું દૂર છે તેની વિદ્યાર્થીઓ પાસે વ્યક્તિગત માહિતી લઇશ. તેના આધારે ચર્ચા પ્રશ્નોત્તરી કરીશ. ''હું ઇચ્છું હું હોત'' ગીતનું ગાન કરાવીશ. વિદ્યાર્થીઓ ગાન કરશે. ''શોધવા પ્રયત્નો કરો'' ના પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ**

પ્રોજેક્ટ : પ્રયત્ન કરો (પેજ નં. ૧૪ પાઠ્ય પુસ્તક)

પ્રવૃત્તિ : વિદ્યાર્થીઓની ઉંચાઇનું માપન

પ્રવૃત્તિ : કુટુંબના સભ્યોની ઉંચાઇ શોધવી.

**મૂલ્યાંકન**

– મહાવરા દ્વારા મૂલ્યાંકન કરીશ.

**જુન / જુલાઇ માસનું પાઠ આયોજન**

**ધોરણ : 4 વિષય : ગણિત**

**પાઠનું નામ:**

૩. ભોપાલનો પ્રવાસ

**અધ્યયન નિષ્પતિ :**

– રોજિંદા જીવનમાં સંખ્યાઓની ગાણિતિક ક્રિયાઓને લાગુ પડે છે.

– વસ્તુ (ઓબ્જેક્ટ) ની લંબાઇ, બે સ્થળ વચ્ચેના અંતર વગેરેનો અંદાજ બાંધે, અને વાસ્તવિક માપ લઇ ખાતરી કરે છે.

– ચાર મૂળભૂત અંકગણિત ક્રિયાઓ સામેલ હોય તેવી લંબાઇ, અંતર અને સમય સાથે સબંધિત દૈનિક જીવન પરિસ્થિતિઓમાં સામે આવતી સમસ્યા ઉકેલે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

– પ્રવાસના આયોજનના આધારે મૌખિક ગુણાકારની સમજ

– "બસની પ્રતિક્ષા" ની વાતની રજુઆત

– 'પ્રવાસની શરૂઆત' દ્વારા અંતરની સમજ

– સમયની સમજ

– લંબાઇ, પહોળાઇ અને ઉંચાઇનું માપ

– ડિઝલની કિંમત

– સમયનું માપન

– "ભીમબેટકા" વિશે માહિતી

– સંખ્યાની રચના

– અંકોની મદદથી સંખ્યા કઇ રીતે બને ? તેની ઉદાહરણ દ્વારા સમજ

– નૌકાવિહાર દ્વારા ટિકિટના દર અને કરવાના સમયની માહિતીના આધારે પ્રશ્નોત્તરી

**શૈક્ષણિક સાધન :**

– વિડીયોનો ઉપયોગ

– ચાર્ટસ

– ચિત્રો

– ટિકીટ

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને ભોપાલના પ્રવાસનાં આયોજનના આધારે મૌખિક ગુણાકારની સમજ આપીશ. ''બસની પ્રતિક્ષા'' ની વાતની રજુઆત કરીશ. તેના દ્વારા મૌખિ ગુણાકારની ગણતરી કરતાં શીખવીશ. વિદ્યાર્થીઓને પ્રવાસની શરૂઆત દ્વારા અંતરની તથા સમયની સમજ આપીશ. નર્મદા નદી પરના પુલના ચિત્રનું અવલોકન કરાવીશ. લંબાઇ અને પહોળાઇના માપના અંદાજ લગાવવા જણાવીશ. સાચું માપ દ્વારા તફાવતની ચર્ચા કરીશ. ઉંચાઇ વિશેનું માપ શોધાવીશ. બસમાં ડીઝલ પુરાવાની ઘટના વિશે જણાવીશ. સમય બાબતે તેના દ્વારા માહિતી આપીશ. ડીઝલની કિંમત શોધાવીશ. ''ભીમબેટકા'' વિશેના સ્થળની માહિતી આપીશ. ગુફાચિત્રોનું અવલોકન કરાવીશ. ચિત્રનું અવલોકન કરાવી પ્રાણીઓની સંખ્યાની ગણતરી કરાવીશ. સંખ્યા રચનાની સમજ આપીશ. અંકોની મદદથી સંખ્યા કઇ રીતે બને તે ઉદાહરણ દ્વારા સમજાવીશ. નૌકાવિહાર દ્વારા ટિકિટના દર અને ફરવાના સમયની માહિતી આપીશ. તેના આધારે આપેલ પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ. પ્રવાસથી પાછા ફરવાના સમયની નોંધ કરાવીશ. ચર્ચા કરીશ. પ્રવાસથી પાછા ફરવાના સમયની નોંધ કરાવીશ ચર્ચા કરીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

પ્રોજેક્ટ : નદી તથા પુલ વિશેના અન્ય ચિત્રોનો સંગ્રહ કરવો

– અન્ય ગુફાચિત્રોનો સંગ્રહ કરવા જણાવીશ.

પ્રવૃત્તિ : આપેલ ત્રણ અંકોની મદદથી સંખ્યા બનાવો.

**મૂલ્યાંકન**

– મહાવરોની પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરી લખવા જણાવીશ.

– કરેલા પ્રવાસનું વર્ણન કરાવીશ.

**ઓગષ્ટ માસનું પાઠ આયોજન**

**ધોરણ : 4 વિષય : ગણિત**

**પાઠનું નામ:**

૪. ટીક ટીક ટીક

**અધ્યયન નિષ્પતિ :**

– કલાક અને મિનિટમાં ઘડિયાળનો સમય વાંચે છે અને A.M. (બપોર 12 પહેલા) અને PM (બપોરે 12 પછી) માં સમય વ્યસ્ત કરે છે.

– સમય સાથે સબંધિત દૈનિક જીવન પરિસ્થિતિઓમાં સામે આવતી સમસ્યા ઉકેલે છે.

– 12 કલાકના ઘડિયાળ સાથે સબંધિત સમય 24 કલાકની ઘડિયાળના સંદર્ભમાં દર્શાવે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

– સમય દિનચર્યા

– ઘડિયાળ તથા સમય કેવી રીતે જોવાય

– ફ્રાંસના પેરીસ શહેરના ચિત્રનું અવલોકન

– ઘડિયાળનું અવલોકન તથા મિનિટ કલાક કાંટાનું નિદર્શન

– શાળાના સમય પત્રક વિશે ચર્ચા

– આપેલ પ્રવૃત્તિ કેટલી મિનિટનો સમય લેશે ? અનુમાન કરો

– એક મિનિટમાં કરવાની પ્રવૃત્તિ

– ઘડિયાળના આધારે પ્રશ્નોત્તરી

– ઘરના સભ્યોની કામગીરીમાં લાગતો સમય

– રાનીની રોજનીશી

– રાની પાસેના ગલુડિયાના જીવન વિકાસના ક્રમની વાત

– શું બધા જ પ્રાણીઓ એક સરખી ઝડપે મોટાં થાય છે તે અંગે ચર્ચા

– "દાદાજીની અવસ્થા"

– રજાની મજા

– પત્રોના આધારે તારીખોને કઇ રીતે લખી શકાય તેની સમજ

– શાળામાં લાંબી રજાઓ કયારે મળે છે ?

– વસ્તુના 'ઉત્પાદનની તારીખ' અને સમાપ્તિની તારીખ

– વિવિધ રેપર્સનું અવલોકન

– "ટપુ ટ્રેન ચૂકી ગયો" દ્વારા ૧૨ કલાકની ઘડિયાળ અને ૨૪ કલાકની ઘડિયાળના સમય વચ્ચેનો તફાવત

– ૨૪ કલાકની ઘડિયાળ બીજે કયાં જોવા મળે છે ?

**શૈક્ષણિક સાધન :**

– ઘડિયાળ

– વિવિધ રેપર્સ

– વસ્તુઓ

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને પંકજ અને સાનિયાની ચર્ચા : દ્વારા સમય દિનચર્યા અને ઘડિયાળ વિશે જરૂરી માર્ગદર્શન આપીશ. ઘડિયાળમાં સમય કેવી રીતે જોવાય તે પ્રયોગિક રીતે બતાવીશ. અભ્યાસના પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ. ફ્રાંસના પેરિસ શહેરના ચિત્રનું અવલોકન કરાવીશ. ત્યાંના સમય વિશે ચર્ચા કરીશ. ઘડિયાળનું અવલોકન કરવા જણાવીશ. મિનિટ અને કલાક કાંટાનું નિદર્શન કરવા જણાવીશ. શાળાના સમયપત્રક વિશે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓને આપેલી પ્રવૃત્તિ કેટલી મિનિટનો સમય લેશે. તેનું અનુમાન કરાવીશ. એક મિનિટમાં કેટલી વખત પ્રવૃત્તિ કરી શકાય ? તે પ્રવૃત્તિ દ્વારા બતાવીશ. આપેલ પ્રવૃત્તિ ઓ કરવા માટે કેટલો સમય લાગશે તેને પ્રવૃત્તિ દ્વારા બતાવવા કહીશ. ઘડિયાળનું અવલોકન કરાવી પ્રશ્નોના જવાબ આપવા જણાવીશ. ઘરના સભ્યોને તેમની કામ કરવાની પ્રવૃત્તિમાં કેટલો સમય લાગે છે ? તે જણાવવા કહીશ. રાનીની રોજનીશીની વાતનું કથન કરીશ. રાનીની બહેન મુન્ની વિશેની રોજનીશીનાં

પાનાં પરથી પ્રશ્નોત્તરી કરીશ. રાની પાસેના ગલુડિયાના જીવન વિકાસના ક્રમની વાત કરીશ. મુન્નીની ઉંમર અને ગલુડિયાની ઉંમરનો તફાવત શોધાવીશ. શું બધા જ પ્રાણીઓ એકસરખી ઝડપે મોટાં થાય છે ? તેની ચર્ચા કરીશ. દાદાજીની અવસ્થાના ચિત્રોમાં સૌથી વુદ્ધ કોણ લાગે છે ? ચર્ચા કરી પ્રશ્નોત્તરી કરીશ. વિદ્યાર્થીઓ ઉત્તર આપશે. 'રજાની મજા'માં આપેલ બે પત્રોનું વાંચન કરીશ. પત્રોના આધારે તારીખોને કઈ રીતે લખી શકાય તે અંગે માહિતી આપીશ. તેના આધારે આપેલ પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ. ઉત્તરો મેળવીશ. શાળામાં લાંબી રજાઓ ક્યારે મળે છે ? તેની ચર્ચા કરીશ. નોંધ કરાવીશ. વસ્તુની ''ઉત્પાદનની તારીખ'' અને ''સમાપ્તિની તારીખ'' વસ્તુઓ તથા વિવિધ રેપર્સનું અવલોકન કરાવી બતાવીશ. ટપુ ટ્રેન ચૂકી ગયો દ્વારા ૧૨ કલાકની ઘડિયાળ અને ૨૪ કલાકની ઘડિયાળના સમય વચ્ચેનો તફાવત સમજાવી ચર્ચા કરીશ. ૨૪ કલાકની ઘડિયાળનો ઉપયોગ બીજે કયાં જોવા મળે છે ? તેની ચર્ચા કરીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

પ્રવૃત્તિ : સમય પ્રમાણે ઘડિયાળમાં કાંટા દોરો

પ્રવૃત્તિ : પ્રાણી તથા તેના બચ્ચાનું ચિત્ર દોરી રંગ પૂરો

પ્રવૃત્તિ : વિવિધ વસ્તુઓના રેપર્સ એકત્રિત કરવા.

**મૂલ્યાંકન**

– અભ્યાસના પ્રશ્નોના ઉત્તરો આપવા જણાવીશ.

**ઓગષ્ટ માસનું પાઠ આયોજન**

**ધોરણ : 4 વિષય : ગણિત**

**પાઠનું નામ**:

૫. દુનિયા જોવાનો રસ્તો

**અદયયન નિષ્પતિ :**

– વિવિધ વસ્તુઓનું ઉપરથી દ્રશ્ય (ટોપ વ્યુ) સામેથી દ્રશ્ય (ફ્રંટ વ્યુ) અને બાજુથી દ્રશ્ય (સાઇડ વ્યુ) ને દોરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

– વસ્તુઓનું જુદા સ્થળ અને અંતરથી નિદર્શન

– ગપ્પુ ઉંદરની હવાઈ સફર તેના દ્વારા વિવિધ સ્થળોનું નિદર્શન

– વસ્તુઓને ઉપરથી તથા બાજુ માંથી જોતાં અલગ દેખાય છે તેની ચર્ચા

– ગપ્પુના ઘર પાછળના બગીચાના ચિત્રના આધારે પ્રશ્નોત્તરી

– ઈસ્માઈલનું ઘર

– ડાબી, જમણી, સામેની બાજુનો ખ્યાલ

– ગિલ્લી અને મોટું ખોખું'' ના આધારે પ્રશ્નોત્તરી

**શૈક્ષણિક સાધન :**

–

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓ દ્વારા ચિત્રનું અવલોકન કરાવીશ. તેમાંની વસ્તુઓ જુદા સ્થળ તથા અંતરથી નિદર્શન કરતાં કેવા આકારની દેખાય છે તેની ચર્ચા કરીશ. ગપ્પુ ઉંદરની હવાઇ સફર દ્વારા વિવિધ સ્થળો બગીચો, ગુરૂદ્વારા રેલ્વે લાઇન મીઠાઇની દુકાન સુહાસિનીનાં ઘરની છત પર પાણીની ટાંકીને આકાશ તરફથી દેખાતાં કેવાં દેખાય છે તેની ચર્ચા કરીશ. વસ્તુઓને જયારે ઉપરથી અને બાજુમાંથી જુઓ છો ત્યારે જુદા પ્રકારની દેખાય છે. તે અવલોકનમાં નોંધશે. વસ્તુઓ આ છેડેથી મોટી અને પહોળી જયારે સામેના છેડે નાની અને સાંકળી કેમ દેખાય છે તે ચિત્ર બતાવી ચર્ચા કરીશ. એક જ સ્થિતિના બે દેખાવોની ચિત્ર દ્વારા સરખામણી કરાવીશ.

એક જ પ્રકારના વાડકાઓના જુદા જુદા દેખાવોના ચિત્રો ૧,૨,૩ નું અવલોકન કરાવીશ. ગપ્પુના ઘર પાછળનો બગીચોના ચિત્રનું અવલોકન કરાવી પ્રશ્નોત્તરી કરીશ. વિદ્યાર્થીઓ ચિત્રના આધારે પ્રશ્નોના ઉત્તર આપશે. ઇસ્માઇલ શ્રીજાતા ને ફોન પર તેના ઘરથી પોતાના ઘરનો રસ્તો બતાવ્યો તેનું ચિત્રમાં અવલોકન કરાવીશ. તેના આધારે આપેલ પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ માહિતીના આધારે પ્રશ્નોના ઉત્તર આપશે. 'ગિલ્લી અને મોટું ખોખું' દ્વારા ખોખા પર છાપેલા અંકો ૧ થી ૬ ને આધારે અનુમાન કરાવી પ્રશ્નોના ઉત્તર વિદ્યાર્થીઓ દ્વારા આપવા જણાવીશ. વિદ્યાર્થીઓ અનુમાન કરી ઉત્તર આપશે.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

પ્રવૃત્તિ : વિવિધ ચિત્રોને એકત્રિત કરો.

પ્રવૃત્તિ : તમારા બુટનો બાજુનો દેખાવ, સામેનો દેખાવ અને ઉપરનો દેખાવ દોરો

પ્રવૃત્તિ : ''ખોખું'' બનાવવાની પ્રવૃત્તિ

**મૂલ્યાંકન**

– ચિત્રના આધારે પ્રશ્નોના ઉત્તરો આપવા જણાવીશ.

## સપ્ટેમ્બર માસનું પાઠ આયોજન

**ધોરણ : 4** વિષય : ગણિત

**પાઠનું નામ**:

૬. ભંગાર વેચનાર

**અધ્યયન નિષ્પતિ :**

– રોજિંદા જીવનમાં સંખ્યાઓની ગાણિતિક ક્રિયાઓ લાગુ પડે છે (જેવી કે ગુણાકાર)

– રૂપિયા આધારિત વ્યવહારિક કોયડા

– ૨ અને ૩ અંકની સંખ્યાઓનો ગુણાકાર કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

– કિરણની સત્યઘટનાનું કથન

– નાણાંકીય વ્યવહારો

– ઘિરાણ એટલે શું ?

– ગુણાકારની સમજ

– મૌખિક ગણતરી

– ગુણાકારના વ્યવહારું કોયડા – ઉકેલ

– દીનુંની દુકાનના ભાવપત્રકને આધારે પ્રશ્નોત્તરી

– ગુણાકારના દાખલા

– મારી રોજનીશી

– હિસાબની નોંધ

**શૈક્ષણિક સાધન :**

–

**શિક્ષક વિદ્યાર્થીની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓની સમક્ષ કિરણની સત્ય – ઘટનાનું કથન કરીશ. વિદ્યાર્થીઓ શ્રવણ કરશે. નાણાંકીય વ્યવહારો વિશે જણાવીશ. ઘિરાણ એટલે શું ? તે ઉદાહરણ દ્વારા સમજાવીશ. ગુણાકારની પ્રક્રિયા સમજાવીશ. ઉદાહરણ દ્વારા શીખવીશ. મૌખિક ગણતરીની પ્રક્રિયા કરાવીશ. ગુણાકારના વ્યાવહારિક કોયડાના દાખલા શીખવીશ. વિદ્યાર્થીઓ દાખલા ગણશે. દીનની દુકાના ભાવપત્રકને આધારે આપેલા પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરી, ગણતરી કરી જવાબ આપવા જણાવીશ. ગુણાકારના દાખલા ગણવા આપી દ્રઢિકરણ કરાવીશ. હિસાબની નોંધ રોજનીશીમાં કેવી રીતે થાય તેની સમજણ આપીશ. વિદ્યાર્થીઓને પણ હિસાબની નોંધ કરવા જણાવીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

-

**મૂલ્યાંકન**

– ગુણાકારના દાખલાની ગણતરી કરી જવાબ લખો.

**સપ્ટેમ્બર માસનું પાઠ આયોજન**

**ધોરણ : 4 વિષય : ગણિત**

**પાઠનું નામ:**

૭. જગ અને મગ

**અધ્યયન નિષ્પતિ :**

– પ્રવાહીનું કદ વગેરેનો અંદાજ બાંધે અને વાસ્તવિક માપ લઈ તેની ખાતરી કરે છે.

– ચાર મૂળભૂત અંકગણિત ક્રિયાઓ સામેલ હોય તેવા કદ, માપન સાથે સબંધિત દૈનિક જીવન પરિસ્થિતિઓમાં સામે આવતી સમસ્યા ઉકેલે છે.

– ગુંજાશ આધારિત કોયડા ઉકેલ.

**શૈક્ષણિક મુદ્દા :**

– બન્ની અને બન્નોના લગ્નતિથિની ઉજવણી

– માપનની સમજ

– મિલિ તથા લિટરનો ખ્યાલ ગુંજાશની સમજ

– ૧ લિટરની બોટલને નાની બોટલથી ભરો ? કેટલી બોટલો પાણી સમાય ?

– રામુની બોટલનું માપ

– માપન કરવા માટેની બોટલ

– માપન બોટલથી ઘરની વસ્તુઓમાં કેટલું પાણી સમાઈ શકે છે ? તે ચકાસવું

– દવાખાનામાં નીતું

– વ્યાવહારિક મૌખિક ગણતરી

– પાણી – પાણી (ઘરમાં પાણીનો એક દિવસમાં વપરાશ)

– પાણીનો બચાવ

**શૈક્ષણિક સાધન :**

–

**શિક્ષક વિદ્યાર્થીની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓની સમક્ષ બન્ની અને બન્નો લગ્નતિથિની ઉજવણીની વાત કરીશ. વિદ્યાર્થીઓ શ્રવણ કરશે. 'ખીરની મીઠાઈના આધારે કોણે કેટલી ખીર ખાધી તે જણાવીશ. તેના આધારે મિલિ, લિટર વગેરેનો ખ્યાલ આપશી. ૧૦૦૦ મિલિ = ૧ લિટરનો ખ્યાલ ઉદાહરણ દ્વારા આપીશ. ૧ લિટરની બોટલ ભરવા નાની બોટલો કેટલી વખત ખાલી કરવી પડે. તે પ્રાયોગિક રીતે બતાવીશ. વિદ્યાર્થીઓ સૌપ્રથમ અનુમાન કરશે. ત્યાર બાદ પ્રત્યક્ષ ક્રિયા કરશે. માપન કરવા માટેની બોટલ બનાવતાં શીખવીશ. ઘરમાં ડોલ, મગ, પ્યાલો અને બીજી વસ્તુઓમાં કેટલું પાણી સમાઈ શકે છે ? માપન બોલથી અનુમાન સાચું છે ? ચકાસવા જણાવીશ. દવાખાનામાં નીતું ને ઈજેકશન થી દવા અપાય છે તેના દ્વારા મૌખિક ગણતરી કરવી કુલ કેટલી દવા અપાય છે તે શીખવીશ. ઘર વપરાશમાં સભ્યો દ્વારા ૧ દિવસમાં કેટલો પાણીનો વપરાશ થાય તેની સમજ આપીશ. તમારું કુટુંબ એક દિવસમાં કેટલા લિટર પાણીનો ઉપયોગ કરે છે. તે કોષ્ટકપૂર્ણ કરાવીશ. પાણીનો બચાવ કઈ રીતે કરી શકાય તેની સમજ આપીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ**

પ્રવૃત્તિ : તમારી આજુબાજુ જે વસ્તુ પેકેટ અથવા બોટલમાં મળે છે તેની યાદી બનાવો.

પ્રવૃત્તિ : ૨૦૦ મિલિ, ૪૦૦ મિલિ, ૬૦૦ મિલિ, ૮૦૦ મિલિ અને ૧ લિટરનું માપન થઈ શકે તેવી બોટલ બનાવવી.

પ્રવૃત્તિ : ૧ લિટરથી વધારે વાપરતાં હોઈએ તેવી વસ્તુઓની યાદી બનાવવી.

**મૂલ્યાંકન**

– મહાવરોના દાખલા ગણવા જણાવીશ.

# વાર્ષિક માસવાર આયોજન

શિક્ષકો વિધાર્થીઓ માટે તમામ શૈક્ષણિક મટીરીયલ્સ એક જ જગ્યાએ મેળવવા **શિક્ષણસાગર એપ્લિકેશન** ડાઉનલોડ કરો.



shikshansagar.com

શિક્ષણ સાગર

The King of Education



**આવા દરેક ધોરણના વિષયવાર આયોજન શિક્ષણ સાગર એપ્લીકેશનમાં ઉપલબ્ધ છે.**